(૨૦)

**પ્ર. ૧ (અ) સામાયિક પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અત્યારે તીર્થંકરો હાજર નથી તો આપણો જૈનધર્મ કેવી રીતે ચાલે છે?

**જ. તીર્થંકરો હાજર નથી પણ પૂ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વીજીઓ અને ભગવાન મહાવીરના ઉપદેશના મુખ્ય ૩૨ આગમો હાજર છે, તેમના આધારે જૈનધર્મ ચાલે છે.**

૨. પરમાર્થને જાણવાવાળાના પરિચયથી શું લાભ થાય છે?

**જ. ૧) નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨) શંકાઓનું નિવારણ થાય છે. ૩) અતિચાર શુદ્ધિ થાય છે. ૪) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ નિર્મળ તથા દઢ બને છે.**

૩. અરિહંત ભગવાનના ૧૨ ગુણમાંથી પહેલા ખામણામાં કયા ગુણો આવે છે?

**જ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત બળવીર્ય, ક્ષાયિક સમકિત, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ, ૧૦૦૮ ઉત્તમ લક્ષણ, ૬૪ ઈન્દ્રના પૂજનિક.**

૪. વેશ્યાગમન કેવા અનર્થ લાવે છે?

**જ. અબ્રહ્મના ઘોર દુ:ખદ પરિણામ ભોગવવા પડે, નરક–તિર્યંચ આદિ દુર્ગતિ થાય, સંસાર વધી જાય, આ ભવ પરભવ બંને બગડે, માનવના ભવનો ખરાબ ઉપયોગ કરવાથી ભવિષ્યમાં માનવનો ભવ જ મળવો અતિ દુર્લભ થઈ જાય છે.**

૫. વર્તમાન ચોવીસીને એકસાથે ક્યાં વંદન કરવામાં આવે છે? મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.

**જ. પાંચમા શ્રમણસૂત્રમાં નમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર તથા ખામેમિ સવ્વે જીવાના પાઠમાં વંદામિ જિણે ચઉવ્વીસં શબ્દો દ્વારા વંદન કરવામાં આવે છે.**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. સ્વરૂપ સત્તા એટલે શું? સત્તા યોગ્ય પ્રકૃતિ કેટલી? ૧૫૮ પ્રકૃતિમાં નામ કર્મની કેટલી પ્રકૃતિ સત્તામાં? ૧૫૮ પ્રકૃતિમાં અનાદિના મિથ્યાત્વીને કઈ પ્રકૃતિની સત્તા ન હોય? તેમાં કેટલા કર્મની કેટલી પ્રકૃતિ?

**જ. સ્વરૂપ સત્તા એટલે કર્મ જે સ્વરૂપે બંધાયું હોય, તે જ સ્વરૂપે આત્મા સાથે રહે તેને સ્વરૂપ સત્તા કહે છે. સત્તા યોગ્ય પ્રકૃતિ ૧૪૮.**

**૧૫૮ પ્રકૃતિમાં નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ સત્તામાં. ૧૫૮ પ્રકૃતિમાં અનાદિના મિથ્યાત્વીને ૧૦ પ્રકૃતિની સત્તા ન હોય. સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ કર્મ, આહારક સપ્તક એ ૧૦ પ્રકૃતિની સત્તા ન હોય. તેમાં જ્ઞાનાવરણીય – ૫, દર્શનાવરણીય – ૯, વેદનીય – ૨, મોહનીય – ૨૬, આયુષ્ય – ૪, નામ – ૯૫, ગોત્ર – ૨, અંતરાય – ૫.**

**(૨) નીચેની પ્રકૃતિનીસત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે? (૫)**

૧. વૈક્રિય અંગોપાંગ ૨. બાદર નામ ૩. ઉદ્યોત નામ ૪. નરકાયુ ૫. નિદ્રા નિદ્રા

| | **સત્તા** | **સત્તા વિચ્છેદ** |
|---|---|---|
| ૧. વૈક્રિય અંગોપાંગ | **૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |
| ૨. બાદર નામ | **૧૪ મા ગુણ.ના ચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના ચરમ સમયના છેડે** |
| ૩. ઉદ્યોત નામ | **૯ મા ગુણસ્થાનના પહેલા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના પહેલા ભાગના છેડે** |
| ૪. નરકાયુ | **૭ મા ગુણસ્થાન સુધી** | **૭ મા ગુણસ્થાનના છેડે** |
| ૫. નિદ્રા નિદ્રા | **૯ મા ગુણસ્થાનના પહેલા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના પહેલા ભાગના છેડે** |

(૫)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નરકમાં પરસ્પરકૃત વેદના કેવી હોય છે? (૩)

**જ. પૂર્વજન્મના વૈરી જીવો નરકમાં ભેગા થયા હોય, તે નૈરયિકો પૂર્વના વેરને યાદ કરી કરીને પરસ્પર પીડા પહોંચાડે છે. પરસ્પર માર–કાપ, છેદન–ભેદનની ક્રિયાઓથી દુઃખી કરે છે. દેવકૃત વેદના જ્યારે પરમાધામી દેવો આવે ત્યારે થાય, પરંતુ એક જ સાથે રહેતા નૈરિયકો સતત પરસ્પર આઘાત–પ્રત્યાઘાત દ્વારા ત્રાસ કરે છે.**

૨. નરકમાં જીવોને શેમાં પકવે છે? તે કેવી હોય છે? સંક્ષેપમાં નરકનું ક્ષેત્ર કેવું હોય છે? (૨)

**જ. નરકમાં જીવોને કુંભીમાં પકવે છે. તે ઊંડી ઊંટના આકારવાળી મોટી–મોટી હોય છે. તેમાં અગ્નિ પ્રજ્વલિત હોય છે. સંક્ષેપમાં નરકનું ક્ષેત્ર અત્યંત પ્રતિકૂળ, પીડાજનક, અશાતાજનક છે. જીવનપર્યંત તે જીવોને ક્ષેત્રકૃત વેદના ભોગવવી પડે છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શરદ–વસંત ઋતુમાં કયા મહિનાનો સમાવેશ થાય?

**જ. શરદ ઋતુમાં – માગશર અને પોષ.**
**વસંત ઋતુમાં – ચૈત્ર અને વૈશાખ.**

૨. ઉન્માદ પ્રાપ્તિના નિમિત્ત કારણોના નામ લખો.

**જ. ઉન્માદ પ્રાપ્તિના નિમિત્ત કારણોના નામ ૧) અરિહંતોના અવર્ણવાદ કરવાથી ૨) અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદ કરવાથી ૩) આચાર્ય અને ઉપાધ્યાયના અવર્ણવાદ કરવાથી ૪) ચતુર્વિધ સંઘના અવર્ણવાદ કરવાથી ૫) શરીરમાં યક્ષનો પ્રવેશ થવાથી.**

૩. સાધુ શા માટે આહાર કરે અને શા માટે આહાર ન કરે?

**જ. સાધુ શરીરાદિની પુષ્ટિ માટે આહાર કરતા નથી, પરંતુ જ્યારે આહાર કરવાના છ કારણ ઉપસ્થિત થાય ત્યારે આહાર કરે છે અને કારણ વિશેષ ઉપસ્થિત થાય તો આહારનો ત્યાગ પણ કરી દે છે.**

૪. અસંભવિત કાર્યો કેટલા છે? છેલ્લા ૩ લખો.

**જ. અસંભવિત કાર્યો છ છે. ૪) સ્વયંકૃત કર્મોનું વેદન કરવા અથવા ન કરવા સંબંધી નિશ્ચય કરવાનું ૫) પુદ્ગલ પરમાણુનું છેદન–ભેદન કરવાનું કે તેને અગ્નિમાં બાળવાનું ૬) લોકાંતની બહાર જવાનું.**

૫. યત્કિંચિત મિથ્યા દુષ્કૃત્ય પ્રતિક્રમણ અને તથાજ્ઞાન પ્રશ્ન એટલે શું?

**જ. યત્કિંચિત મિથ્યા દુષ્કૃત્ય પ્રતિક્રમણ – સાધારણ દોષ લાગે ત્યારે તેની શુદ્ધિ માટે મિચ્છામિ દુક્કડં કહી પશ્ચાત્તાપ પ્રગટ કરવારૂપ પ્રતિક્રમણ કરવું.**
**તથાજ્ઞાન પ્રશ્ન – પોતાને જ્ઞાન હોવા છતાં અન્યની જ્ઞાન વૃદ્ધિ માટે પૂછાતા પ્રશ્નો.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુંડરિક રાજાએ સ્થવિર ભગવંતોને શું વિનંતી કરી?

**જ. હે ભગવન્ ! હું આપની સમાચારીને અનુકૂળ ઔષધ તથા ભેષજથી તેમ જ યોગ્ય આહાર–પાણીથી કંડરિક અણગારની ચિકિત્સા કરાવવા ઈચ્છું છું. તેથી હે ભગવન્ ! આપ મારી યાનશાળામાં પધારો.**

૨. મહાપદ્મ રાજા કઈ નગરીમાં રહેતા હતા? તે નગરી ક્યાં આવેલી હતી? મહાપદ્મની દીક્ષા પછી ત્યાંના રાજા કોણ હતા?

**જ. મહાપદ્મ રાજા પુંડરીકિણી નામની નગરીમાં રહેતા હતા.તે નગરી જંબૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સીતા નામની મહાનદીના ઉત્તરી કિનારે પુષ્કલાવતી નામની વિજયમાં આવેલી હતી. મહાપદ્મની દીક્ષા પછી ત્યાંના રાજા પુંડરિક હતા.**

૩. પુંડરિકે દીક્ષા કેવી રીતે લીધી? દીક્ષા લીધા પછી પુંડરિકે શું અભિગ્રહ ધારણ કર્યો?

**જ. પુંડરિકે સ્વયં પંચમુષ્ટિ લોચ કર્યો અને સ્વયં જ ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યો. કંડરિકના ઉપકરણો ગ્રહણ**

**કર્યા અને અભિગ્રહ ધારણ કર્યો કે હું સ્થવિર ભગવંતને વંદન–નમસ્કાર કરી, તેમની પાસેથી ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યા પછી જ આહાર વાપરીશ.**

૪. દીક્ષા લઈને શું કરવાનું નથી? તેના ફળરૂપે શું પ્રાપ્ત થાય છે?

**જ. દીક્ષા લઈને જે સાધુ–સાધ્વી મનુષ્ય સંબંધી કામભોગમાં આસક્ત થતા નથી, પ્રતિઘાત પામતા નથી તે આ ભવમાં વંદનીય, પૂજનીય થાય છે, પરભવમાં પણ તે રાજદંડ, તર્જના, તાડનાને પ્રાપ્ત થતા નથી. તેના ફળરૂપે ચતુર્ગતિરૂપ સંસાર કાંતારને પાર કરી જાય છે.**

૫. કંડરિકે દેશના સાંભળી સ્થવિર ભગવંતને શું કહ્યું અને સ્થવિર ભગવંતે શું જવાબ આપ્યો?

**જ. કંડરિકે દેશના સાંભળી સ્થવિર ભગવંતને કહ્યું, હે ભગવાન ! આપે જે કહ્યું તે સત્ય છે. હું પુંડરિક રાજાની આજ્ઞા લઈને આવું છું. હું દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છા રાખું છું. સ્થવિર ભગવંતે કહ્યું, હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.**

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બહુપુત્રિકા દેવીએ ભગવાન પાસે આવીને શું કર્યું?

**જ. બહુપુત્રિકા દેવીએ ભગવાન પાસે આવીને નાટ્ય પ્રદર્શનની ઈચ્છા પ્રગટ કરી અને પોતાની બંને ભુજાઓથી દેવકુમાર–દેવકુમારી તથા અનેક બાળકોને પોતાની વૈક્રિય શરીરથી બનાવ્યા. નાટ્યવિધિ બતાવી.**

૨. સુભદ્રાને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો?

**જ. સુભદ્રાને મધ્યરાત્રિએ વિચાર આવ્યો કે ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગો ભોગવવા છતાં મને એક પણ સંતાનની પ્રાપ્તિ થઈ નથી, તો હવે મારે સુવ્રતા આર્યાજી પાસે દીક્ષા જ ગ્રહણ કરી લેવી જોઇએ.**

૩. સુભદ્રા આર્યા એકલી પડી ગયા પછી કેવી બની ગઈ?

**જ. સુભદ્રા આર્યા એકલી પડી ગયા પછી ગુરુણી આદિનો અંકુશ ન હોવાથી તે નિરંકુશ બની, રોકટોક વગર સ્વેચ્છાચારી બની, ગૃહસ્થના બાળકોમાં અનુરક્ત બની, પોતાના પુત્ર–પુત્રી આદિની લાલસાપૂર્તિનો અનુભવ કરતી રહેવા લાગી.**

૪. આ અધ્યયન પરથી શું શિક્ષા લેવી જોઈએ?

**જ. આ પ્રકારની પ્રવૃત્તિઓ સાધુના આચારથી વિપરીત છે. વીતરાગ ભગવાનના સાધુ–સાધ્વીજીઓ કેવળ આત્મકલ્યાણના માર્ગનો તથા તપ–ત્યાગનો જ ઉપદેશ આપી શકે છે. તેઓ અન્ય લૌકિક પ્રવૃત્તિમાં રસ લઈ શક્તા નથી.**

૫. સોમા પહેલીવાર ધર્મ સાંભળીને કોની પાસે શું સ્વીકાર કરશે?

**જ. સોમા પહેલીવાર ધર્મ સાંભળીને સુવ્રતા આર્યાજી પાસે બાર પ્રકારના શ્રાવક ધર્મનો સ્વીકાર કરશે અને શીલવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી આત્માને ભાવિત કરશે.**

(૫)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શ્રીદેવીએ ગૌતમ સ્વામીને જોઈને શું કર્યું? (૩)

**જ. શ્રીદેવી ગૌતમ સ્વામીને જોઈને અત્યંત પ્રસન્ન થયા. આસન પરથી ઊઠીને ગૌતમ સ્વામીની સન્મુખ આવ્યા. ગૌતમ સ્વામીને ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી વંદન કર્યા. ત્યારપછી ભોજનગૃહમાં લઈ જઈ વિપુલ અશન, પાન, સ્વાદિમ, ખાદિમ આદિ દ્વારા પ્રતિલાભિત કર્યા અને વિનયપૂર્વક ગૌતમ સ્વામીને વિદાય કર્યા.**

૨. અતિમુક્ત મુનિએ સંયમ સ્વીકારી શું કર્યું? તેઓ ક્યાં ગયા? (૨)

**જ. અતિમુક્ત મુનિએ સંયમ સ્વીકારી સામાયિક આદિ ૧૧ અંગોનું અધ્યયન કર્યું. ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કર્યું, ગુણરત્ન સંવત્સરાદિ તપનું આરાધન કર્યું. અંત સમયે અનશન આરાધી વિપુલગિરિ પર્વત પરથી મોક્ષમાં ગયા.**

(૫)

**પ્ર. ૬ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

| | જવાબ |
|---|---|
| ૧. મુક્તિ પ્રાપ્ત કરવામાં કોણ સમર્થ છે? | **વિષયોથી વિરત મહામુનિ** |
| ૨. રસનેન્દ્રિય પ્રાપ્ત વસ્તુના નામ જણાવો. | **ગોળ, સાકર, ગુલકંદ** |
| ૩. નૌકા વણિક કોને કહેવાય? | **નૌકા દ્વારા વેપાર અર્થે મુસાફરી કરનારા વેપારી** |
| ૪. કયા વિષયોમાં આસક્ત થવાનું નથી? | **પાંચ ઈન્દ્રિયોના વિષયમાં** |
| ૫. જે ધર્મથી ભ્રષ્ટ થાય છે તે કોને વશીભૂત થાય છે? | **કર્મરૂપી રાજાને વશીભૂત થાય છે** |

(૧૫)

**પ્ર. ૭ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. સે **દેવલોગસરિસે, અન્તેઉરવરગઓ વરે ભોએ ।**
**ભુંજિતુ નમિરાયા, બુદ્ધો ભોગે** પરિચ્ચઈ ॥

**અર્થ : નમિ રાજર્ષિએ શ્રેષ્ઠ અંતઃપુરમાં રહીને દેવલોક સમાન ભોગો પ્રાપ્ત કરી, તેને ભોગવીને ત્યારપછી પ્રબુદ્ધ થયા અને સમસ્ત ભોગોનો ત્યાગ કરી દીધો.**

૨. પંચિન્દિયાણિ **કોહં, માણં માયં તહેવ લોહં ચ ।**
**દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વં અપ્પે જિયે** જિયં ॥

**અર્થ : પાંચ ઈન્દ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા આત્મા આ બધાને જીતવા દુષ્કર છે, છતાં એક પોતાના આત્માને જીતી લીધા પછી એ બધાને જીતી શકાય છે.**

૩. અહો **તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ ।**
**અહો નિરક્કિયા માયા, અહો લોભો** વસી કઓ ॥

**અર્થ : અહો ! આશ્ચર્ય ! આનંદ છે કે આપે ક્રોધને જીત્યો છે, અહો ! અપે માનનો પરાજય કર્યો. અહો ! આપે માયાને નિષ્ક્રિય બનાવી છે. અહો ! આપે લોભને સંપૂર્ણ વશ કરી લીધો છે.**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | |
|---|---|
| ૧. સાધકે શેમાં લીન રહેવું જોઈએ? કેવી રીતે? | **ચિંતન–મનન દ્વારા સદા વૈરાગ્યભાવમાં લીન** |
| ૨. વિદ્વાન સાધકે શું કરવું જોઈએ? | **તપનું આચરણ કરવું જોઈએ.** |
| ૩. નમિ રાજર્ષિ દીક્ષા લેવા નીકળ્યા ત્યારે શું થયું? | **મિથિલા નગરીની જનતામાં કોલાહલ મચી ગયો** |
| ૪. અટ્ટાલિકા એટલે શું? | **કિલ્લા પર યુદ્ધ કરવાના બુર્જ** |
| ૫. ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે ધર્મ આરાધના કરવી જોઈએ? | **પૌષધાદિ શ્રાવક વ્રતોનું પાલન કરીને** |
| ૬. ઈન્દ્ર કેવા હતા? | **ઈન્દ્ર રમ્ય, ચંચળ, કુંડળ, મુગટધારી હતા** |

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. **દ્વીપ–સમુદ્ર કયા સૂત્રનો અધિકાર છે?** તે અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? કેટલામું?

**જ. ભગવતી સૂત્ર શતક ૧૯ ઉ. ૬. અંગ છે. કાલિક છે. પાંચમું.**
**જીવાભિગમ સૂત્ર પ્રતિપતિ ૩. ઉપાંગ છે. ઉત્કાલિક છે. ત્રીજું.**

૨. કાળોદધિ સમુદ્ર કેટલા યોજનનો છે? તેના પછી કયો દ્વીપ આવેલો છે? તે કેટલા યોજનનો છે? તેનો સમાવેશ અઢીદ્વીપમાં થાય કે નહિ?

**જ. કાળોદધિ સમુદ્ર ૮ લાખ યોજનનો છે. તેના પછી પુષ્કર દ્વીપ આવેલો છે. તે ૧૬ લાખ યોજનનો છે. આખા પુષ્કર દ્વીપનો સમાવેશ અઢીદ્વીપમાં ન થાય, પરંતુ અડધા પુષ્કર દ્વીપનો સમાવેશ અઢીદ્વીપમાં થાય છે.**

૩. અઢીદ્વીપમાં આવેલા દ્વીપ–સમુદ્રના નામ અને સંસ્થાન લખો.

**જ. અઢીદ્વીપમાં આવેલા દ્વીપના નામ–જંબૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ, અર્ધપુષ્કર દ્વીપ. સમુદ્રના નામ–લવણ સમુદ્ર, કાળોદધિ સમુદ્ર.**

**તેમાંથી જંબૂદ્વીપ થાળીના આકારે છે. બાકીના દ્વીપ–સમુદ્ર ચૂડીના આકારે છે.**

૪. ગૌતમ દ્વીપ ક્યાં આવેલો છે? તેનું વર્ણન કરો.

**જ. જંબૂદ્વીપની જગતીથી પશ્ચિમ દિશામાં ૧૨૦૦૦ યો. દૂર છે. તે ૧૨૦૦૦ યો.નો લાંબો–પહોળો છે. એની પરિધિ ૩૭૯૪૮ યો. ઝાઝેરી છે. એ દ્વીપ પર સુસ્થિત દેવનું ક્રીડાસ્થાન છે.**

૫. પાતાળ કળશા કયા સમુદ્રમાં કેટલા છે? કળશાના ભાગ કેટલા છે? તેનું વર્ણન કરો.

**જ. પાતાળ કળશા લવણ સમુદ્રમાં ૭૮૮૮ છે. કળશાના ત્રણ ભાગ છે. ઉપરનો, નીચનો અને વચ્ચેનો ભાગ. નીચેના ભાગમાં વાયુ છે. વચ્ચેના ભાગમાં વાયુ અને પાણી છે. ઉપરના ભાગમાં પાણી છે.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૫ ઈન્દ્રિયના આધારે અવગાઢ દ્વાર લખો. ચક્ષુઈન્દ્રિયનો બાહુલ્ય દ્વાર લખો.

**જ. અવગાઢ દ્વાર–પાંચે ઈન્દ્રિય અસંખ્યાત આકાશ પ્રદેશ અવગાઢ છે. દરેક ઈન્દ્રિયના અનંત અનંત કર્કશ ને ભારે સ્પર્શ છે, તેમ અનંત અનંત હલકા ને મૃદુ સ્પર્શ છે. ચક્ષુઈન્દ્રિયનો બાહુલ્ય દ્વાર–જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉ. આંગુલનો અસંખ્યાતમો ભાગ.**

૨. શ્રોત્રેન્દ્રિયનો સંસ્થાન, રસનેન્દ્રિયનો પૃથુત્વ, ઘ્રાણેન્દ્રિયનો પ્રદેશ દ્વાર લખો.

**જ. શ્રોત્રેન્દ્રિયનું સંસ્થાન કદંબ વૃક્ષના ફૂલ જેવું, રસનેન્દ્રિયનું પૃથુત્વ જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉ. પૃથક આંગુલ અર્થાત્ ૨ આંગુલથી અનેક આંગુલ, ઘ્રાણેન્દ્રિયના પ્રદેશ અનંત છે.**

૩. કયા અને કેટલા દંડકના જીવો આહારના પુદ્ગલોને દેખે છે? કયા પુદ્ગલોને દેખે છે?

**જ. બે મનુષ્ય અને વૈમાનિક એ દંડકના જીવો આહારના પુદ્ગલોને દેખે છે. ભાવિતાત્મા અણગારના ચરમ નિર્જરાના પુદ્ગલોને રોમ આહારના રૂપમાં ગ્રહણ કરતા દેખે છે.**

૪. ૫ ઈન્દ્રિયમાંથી પ્રાપ્યકારી અને અપ્રાપ્યકારી ઈન્દ્રિયો કેટલી? કઈ કઈ?

**જ. પાંચ ઈન્દ્રિયમાંથી પ્રાપ્યકારી ઈન્દ્રિય ચાર છે. શ્રોત્રેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય. અપ્રાપ્યકારી ઈન્દ્રિય એક ચક્ષુઈન્દ્રિય.**

૫. કંથવા, શીંગોડા, ઘોડા, ભમરાનો સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો.

**જ. કંથવા – ૧૬૦૦ ધનુષ, શીંગોડા – ૪૦૦ ધનુષ, ઘોડા – ૬૪૦૦૦ ધનુષ/૯ યોજન, ભમરા – ૩૨૦૦ ધનુષ.**

(૧૦)

**પ્ર. ૧૦ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક પર્યાપ્તામાં | ૭ | ૨૪ | ૧ | ૨૫ | ૭ નરકના પર્યાપ્તા, તિર્યંચના ૪૮ ભેદમાં ૨૪ પર્યાપ્તા, ૧ મનુષ્યનો પર્યાપ્તો, ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામીના પર્યાપ્તા | ૫૭ |
| ૨. અધોલોક તેજોલેશીમાં | ૦ | ૧૩ | ૨ | ૫૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧ મનુષ્ય, ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી એ ૩૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા, બાદર પૃથ્વી, પાણી, પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્તા | ૬૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩. અધોલોક એકાંત અસંજ્ઞીમાં | ૦ | ૩૮ | ૧ | ૦ | **૪૮ તિર્યંચના ભેદમાંથી ૧૦ સંજ્ઞીના વર્જીને ૩૮, ૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા** | ૩૯ |
| ૪. અધોલોક પુરુષવેદ ભાષકમાં | ૦ | ૫ | ૧ | ૨૫ | **૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યા., ૧ મનુષ્યના પર્યા., ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામીના પર્યાપ્તા** | ૩૧ |
| ૫. અધોલોક પંચેન્દ્રિય કૃષ્ણલેશી નોગર્ભજમાં | ૬ | ૧૦ | ૧ | ૫૦ | **૫, ૬, ૭ એ ત્રણનરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ૧ સંમૂર્ચ્છિમ મનુષ્યનો અપર્યાપ્તો, ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામીના એ ૨૫ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા** | ૬૭ |

**જય જિનેન્દ્ર**